# રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૦૭૮ કેસ : ૨૫નાં મોત

## રાજ્યમાં ૧૩૧૧ દર્દીઓ સાજા થયા : મૃત્યુઆંક ૨૬૫૪ પર પહોંચ્યો : ૫૪૧૩૮ ડિસ્ચાર્જ

ગાંધીનગર, તા.૯
રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના ૩૦૯૮૫ ટેસ્ટ કરવામાં આવતા ૧૦૭૮ દર્દીઓ પોઝિટિવ નોંધાયા હતા. આ સાથે રાજ્યમાં કોરોના સંક્રમિતનો કુલ આંકડો ૭૦ વટાવી સીધો ૭૧ હજારને પાર થઈ ૭૧૦૬૪ કેસ નોંધાયા છે. રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાને લીધે ૨૫ દર્દીઓના મોત થતા કુલ મૃત્યુઆંક ૨૬૫૪ થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૩૧૧ દર્દીઓ સાજા થઈ ઘરે પરત ફર્યા છે. આ સાથે કુલ ડિસ્ચાર્જનો આંકડો ૫૩ને કુદાવી ૫૪૧૩૮ થયો છે. રાજ્યમાં કુલ એક્ટીવ કેસ ૧૪૨૭૨ છે. જેમાં ૭૩ દર્દી વેન્ટીલેટર પર અને સ્ટેબલ ૧૪૧૯૯ છે. રાજ્યમાં છેલ્લા બે સપ્તાહથી કોરોના પોઝિટિવનો આંકડો ૧૦૦૦ અને ૧૧૦૦ને પાર થતો રહે છે. આની સામે કુલ ડિસ્ચાર્જ થવાનો આંકડો પણ વધતો નજરે આવી રહ્યો છે. જેને લીધે કુલ એક્ટિવ કેસ ૧૫ હજારની અંદર રાખવામાં તંત્ર સફળ રહ્યું છે. આરોગ્ય વિભાગની યાદી મુજબ આજે રાજકોટ કોર્પોરેશનમાં ૫, સુરત કોર્પોરેશનમાં ૫ અને જિલ્લામાં ૪, અમદાવાદ કોર્પોરેશનમાં ૩, કચ્છ અને વડોદરા કોર્પોરેશનમાં ૨-૨ વડોદરા જિલ્લા, જુનાગઢ, મહેસાણા અને અન્ય રાજ્યમાં ૧-૧ કોરોનામાં ૨૫ના મોત નોંધાયા છે. અમદાવાદ કોર્પોરેશનમાં ૧૩૮ અને જિલ્લામાં ૧૫ સાથે કુલ ૧૫૩ કોરોના પોઝિટિવના નોંધાયા છે. આ સાથે કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૨૭૮૯૮ થયો છે. જ્યારે વધુ ૩ મોત નોંધાતા મૃત્યુઆંક ૧૬૩૩ થયો છે. સુરત શહેરમાં ૧૭૮ અને જિલ્લામાં ૪૪ સાથે ૨૨૨ કેસો કોરોનાના નોંધાયા છે. આ સાથે સુરતમાં કોરોના સંક્રમિતનો કુલ આંકડો ૧૫ હજારનો પાર થઈ ૧૫૨૧૫ નોંધાયો છે. સુરતમાં વધુ ૯ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૫૦૦ને પાર થઈ ૫૦૧ થયો છે. વડોદરા કોર્પોરેશનમાં ૯૮ અને જિલ્લામાં ૧૨ સાથે ૧૧૦ પોઝિટિવ કેસ નોંધાયો છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૫૬૧૦ થયો છે અને ૩ વધુ મોત સાથે મૃત્યુઆંક ૯૮ થયો છે.

## શ્રેય હોસ્પિટલ અગ્નિકાંડ મામલે ત્રીજા દિવસે પણ એફઆઈઆર નોંધાઈ નથી

અમદાવાદ, તા.૯
શ્રેય હોસ્પિટલના આઈસીયુ આગની ઘટનામાં આઠ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા છે, પરંતુ નવરંગપુરા પોલીસે હજી સુધી એફઆઈઆર નોંધી નથી. એ ડિવીઝનના એસીપી એલ બી ઝાલાએ કહ્યું કે તેઓ ફોરેન્સિક રિપોર્ટ અને ઈલેક્ટ્રિકલ વિભાગના અભિપ્રાયની રાહ જોઈ રહ્યા છે. પાછલા સાત વર્ષમાં હોસ્પિટલમાં આગની ૯ ઘટનાઓ બની છે અને આમાંથી કોઈ પણ કિસ્સામાં એફઆઈઆર નોંધાવવામાં એટલો સમય લાગ્યો ન હતો જેમાં ભલે કોઈને નુકસાન કે ઈજા થઈ હોય. સામાન્ય રીતે તપાસ દરમિયાન જ પોલીસ દ્વારા સિવિક ફાયર ડિપાર્ટમેન્ટ, એફએસએલ એક્સપર્ટની મદદથી ઈન્વેસ્ટિગેશન કરવામાં આવે છે. અધિકારીઓએ દાવો કર્યો કે, પોલીસે ઘટનાના એક કે બે દિવસમાં જ ફરિયાદ દાખલ કરી હતી. વર્ષ ૨૦૦૮માં શારદાબેન હોસ્પિટલના નિયોનેટલ કેર યુનિટમાં લાગેલી આગની વાત પણ સાચી હતી. જેમાં ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટને કારણે નવજાત બાળકનું ઈક્યુબેટરમાં જ ભડથું થયું હતું! ૩ નાગરિક અધિકારીઓએ સ્વીકાર્યું કે ૮૬૭ જેટલી નાની હોસ્પિટલો કે જેમાં ૨૦ કરતા ઓછા બેડ હોય ત્યાં બચાવ કામગીરી માટે ફાયર સેફ્ટી અને રેસ્ક્યુ ઓપરેશન માટે સ્પેસની વાત કરવામાં આવે ત્યારે ત્યાં નેશનલ બિલ્ડિંગ કોડ હેઠળ ઉલ્લંઘન થતું હોવાનું જાણવા મળે છે. નેશનલ એક્રીડિટેશન બોર્ડ ફોર હેલ્થ એન્ડ હેલ્થકેયર પ્રોવાઈડર્સ હેઠળ મોટાભાગના લોકો ઈલેક્ટ્રિક પાવર લોડ પરીક્ષણને પણ પૂર્ણ કરતા નથી. એએમસીના સીનિયર અધિકારીએ સ્વીકાર્યું કે, 'અમે આ હોસ્પિટલોને પિન નથી કરી શકતા કારણ કે, રાજ્ય સરકારે ઓછી ફી વસૂલ્યા બાદ ગુજરાત અનધિકૃત વિકાસ અધિનિયમ ૨૦૧૧ હેઠળ આ ઈમારતોને નિયમિત કરી દીધી છે. આ કાયદામાં હોસ્પિટલો જેવી સંવેદનશીલ ઈમારતોનું કોઈ માપદંડ નહોતું. આ બધાને કોમર્શિયલ, રેસિડેન્સિયલ અથવા પાર્કિંગની ઉપલબ્ધતાના આધારે વ્યાપક કેટેગરીમાં પાસ કરવામાં આવ્યા હતા.

## પ્રાંતિજ કતપુર ટોલ ટેક્સ કર્મચારીઓનો મામલો ફરી વકર્યો

### પાંચ દિવસ બાદ પણ ટોલ કર્મચારીઓને નોકરીએ લેવામાં આવ્યા નહીં : ટોલ કર્મચારીઓએ પરિવાર સાથે આત્મ વિલોપનની ચિમકી ઉચ્ચારી

પ્રાંતિજ, તા. ૯
સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના આવતા ટોલ કર્મચારીઓએ પોતાના પરિવાર સાથે આત્મ વિલોપનની ચિમકી ઉચ્ચારી છે.




દ્વારા ટોલ સંચાલક તથા સ્થાનિક તંત્રમા રજુઆતો બાદ પણ કોઈ નિવેડો ના આવતા ટોલ સદસ્ય પ્રદિપસિંહ રાઠોડ, નગરપાલિકાના અપક્ષ કોર્પોરેટર નિખીલભાઈ પટેલ સહિત કેટલાક કરેલ ૨૫ થી ૩૦ ટોલ કર્મચારી તા.૧૧.૮.૨૦૨૦ના રોજ ટોલ ટેક્ષ ઉપર પોતાના પરિવાર સાથે આત્મ વિલોપનની ચિમકી ઉચ્ચારી છે ત્યારે હવે જોવું એ રહ્યું કે નવી આવેલ દાંતા કંપની ટોલ સંચાલક દ્વારા નમતુ જોખશે કે પછી સ્થાનિક તથા જિલ્લા તંત્ર દ્વારા રસ લેવામાં આવશે કે શું એ તો હવે જોવું રહ્યું.

કતપુર ટોલટેક્સના કર્મચારીઓને નવીન આવેલ કોન્ટ્રાક્ટર દ્વારા જુના કર્મચારીઓને છુટા કરવામા આવતા મામલો હાલ તો ગરમાવ્યો છે. છેલ્લા ૨૦ થી ૧૫ વર્ષથી નોકરી કરતા ટોલ કર્મચારીઓને છુટા કરવામા અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પ્રાંતિજના કતપુર ટોલનાકા ઉપર ટોલ સંચાલક બદલાતા હાલ છેલ્લા ૨૦ વર્ષથી ટોલનાકા ઉપર નોકરી કરતા લોકલ ટોલ કર્મચારીઓ છુટા કરવામાં આવતા ટોલ કર્મચારીઓ કર્મચારીઓને ચાલુ વરસાદમાં વિરોધ કર્યો હતો. ભાજપ, કોંગ્રેસ, અપક્ષના નેતા સહિત કતપુર સરપંચ પણ કર્મચારીઓની પડખે દોડી આવ્યા હતા જેમાં કોંગ્રેસના તાલુકા પંચાયત અધ્યક્ષ કૌશિકભાઈ પટેલ, ભાજપ તાલુકા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. બોલાચાલી થતાં ટોલ સંચાલક દ્વારા પ્રાંતિજ પોલીસ બોલાવી હતી. પ્રાંતિજ પોલીસ હેડ કોન્સ્ટેબલ દિપસિંહ, વિક્રમસિંહ પોલીસ કર્મીઓ ઘટનાસ્થળે દોડી આવી મામલો થાળે પાડયો હતો. છુટા

## ગુજરાતમાં કોરોના વાયરસથી ૨૩ ડૉક્ટરોએ જીવ ગુમાવ્યા

અમદાવાદ, તા.૯
કોરોનાના દર્દીઓની સારવાર કરતા 'કોરોના વોરિયર્સ' પણ મોતને ભેટી રહ્યા છે. કોરોનાને કારણે સીનિયર જનરલ ફિઝિશિયન અને અમદાવાદ ફેમિલી ફિઝિશિયન એસોસિએશનના પ્રમુખ ૬૬ વર્ષીય ડૉ. સંદિપ દવેનું મૃત્યુ લોકલ મેડિકલ ફ્રેટરનિટીને આંચકો પહોંચાડનારું છે. મૃત્યુના થોડા દિવસ પહેલા આઈસીયુમાંથી ડૉ. દવેનો એક વિડીયો શેર કરવામાં આવ્યો હતો. જેમાં તેઓ બધાને ખાતરી આપતા જોવા મળે છે કે તેઓ સ્વસ્થ થઈ રહ્યા છે. તેમને ઓક્સિજનની જરૂર નથી અને તેઓ જલદીથી સ્વસ્થ થઈ જશે.જારી કરાયેલા તાજેતરના આંકડા મુજબ, ભારતમાં કોવિડ - ૧૯ને કારણે ૧૯૬ ડોકટરો જીવ ગુમાવ્યા છે. તામિલનાડુ ૪૩ ડૉક્ટર્સના મોત સાથે પ્રથમ ક્રમે છે જ્યારે ગુજરાત અને મહારાષ્ટ્ર સંયુક્ત રીતે ૨૩ સાથે બીજા સ્થાને છે. ત્યારબાદ બિહાર (૧૯ મૃત્યુ), પશ્ચિમ બંગાળ (૧૬) અને કર્ણાટક ૧૫ કોરોના વોરિયર્સનો સમાવેશ થાય છે. ડૉ. જરદોશે જણાવ્યું કે, 'મૃત્યુનું પ્રાથમિક વિશ્લેષણ દર્શાવે છે કે તેમાંથી લગભગ ૫૦ ટકા જનરલ પ્રેક્ટિશનર્સ હતા અને તેમાંથી લગભગ ૭૦% ૫૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના હતા. તેઓએ ઉમેર્યું કે, અમે સરકારી ડોકટરોની સાથે ખાનગી ડોકટરોની સારવાર માટે રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરી છે કે તેઓ કોવિડ વોરિયર્સ સમાન છે અને રૂ. ૫૦ લાખનું એક્સ ગ્રેટિયા કોમ્પેનશેસન પ્રોવાઈડ કરે છે.

### આગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘણા દર્દીઓ હોટલના રૂમની બારીમાંથી મદદ માટે ચીસો પાડતા સાંભળવામાં આવ્યાં હતાં. ૯ વિજયવાડા શહેર પોલીસ કમિશનર બી શ્રીનિવાસુલુના જણાવ્યા મુજબ, આગ પહેલી વાર રિસેપ્શન એરિયા નજીક ગ્રાઉન્ડ ફ્લોર પર લાગી હતી અને ઝડપથી પહેલા માળે ફેલાઈ હતી. સામે આવેલી તસવીરોમાં પણ રિસેપ્શન વિસ્તારમાં સૌથી વધુ આગ જોવા મળી રહી છે. કૃષ્ણા જિલ્લા કલેક્ટર એએમડી ઈમ્તિયાઝ અને સંપત્તિ પ્રધાન વેલ્લમપલ્લી શ્રીનિવાસે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી અને બચાવ કામગીરીનો તાગ મેળવ્યો હતો. શ્રીનિવાસુલુએ કહ્યું કે તેઓએ આશરે ૩૦ લોકોને બચાવી લીધા છે. ૨૫ મિનિટની અંદર આગ પર કાબૂ મેળવાઈ ગયો હતો. તેમણે જણાવ્યું હતું કે કંટ્રોલ રૂમને સવારે ૫: ૧૫ વાગ્યે એસઓએસ મળ્યો હતો. ત્યારબાદ ફાયર ટીમો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને બચાવ કામગીરી શરૂ કરી હતી. તેમજ સીડીનો ઉપયોગ કરીને દર્દીઓને બહાર લાવવામાં આવ્યા હતા. ૫ ફાયર કર્મચારીઓએ પીડિતોને બચાવવા માટે બારી તોડી નાંખી હતી.

## અરવલ્લી ખાતે આદિવાસી દિવસ ઉજવાયો

ભિલોડા, તા. ૯
અરવલ્લીની ગિરિમાળાઓ વચ્ચે આવેલા અરવલ્લી જિલ્લાના પવિત્ર યાત્રધામ શામળાજીના સાનિધ્યમાં શામળપુરની એકલવ્ય મોડેલ રેસીન્ડસી સ્કૂલ ખાતે સાસંદ દિપસિંહ રાઠોડની ઉપસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. પ્રાસંગિક ઉદ્દબોધન કરતા સાબરકાંઠા-અરવલ્લીના સાસંદ દિપસિંહ રાઠોડે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે આદિજાતિ તાલુકાના ગામોમાં પ્રાથમિક અને માળખાકીય સુવિધાઓ પૂરી પાડી આદિવાસી લોકોને અગ્રિમ હરોળમાં લાવવાનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે.

વધુમાં તેમણે ઉમેર્યુ હતુ કે રાજય સરકાર દ્વારા સમાજના છેવાડા વિસ્તારના લોકોને શિક્ષણ, આરોગ્ય, પાણી અને રોડ-રસ્તાની સુવિધા પુરી પાડવાની સાથે તેમના ભવ્ય વિરાસત ધરાવતા આદિજાતિ સંસ્કૃતિને ઉજાગર કરવાનું કામ કર્યુ છે. તેમની કલાને વિશ્વ ફલક પર મુકીને તેમણે આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવાનો રાજય સરકારે ઉત્કૃષ્ઠ પ્રયાસ હાથ ધર્યો છે. આદિજાતિ મહિલાઓને સંકલિત ડેરી વિકાસ યોજના સાથે સાંકળીને પશુપાલનના વ્યવસાય થકી આર્થિક રીતે પગભર બનાવવાના નક્કર પગલા ભર્યા છે.

સાસંદ આદિજાતિના બાળકોને શિક્ષણની પાયાની સુવિધા પુરી પાડીને અન્ય સમાજના બાળકના હરોળમાં લાવવાનું કામ રાજયની આ સરકાર કરી રહી હોવાનું પણ જણાવ્યું હતું. વર્ષ ૧૯૮૪થી યુનો દ્વારા શરૂ કરવામાં આવેલ આંતરરાષ્ટ્રીય આદિવાસી દિનની ઉજવણીથી તેમના હક્કોને રક્ષણ આપવાનું કામ કર્યુ હોવાનું પણ તેમણે ઉમેર્યુ હતું.




આ પ્રસંગે ઉપસ્થિત ભિલોડાના ધારાસભ્ય ડૉ. અનિલ જોષીયારાએ જણાવ્યું હતું કે આદિવાસી લોકોની જમીનને લગતા ૭૩એએના કાયદામાં સુધારા અંગે લોકોને જે ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે. તેના વિષે સરકારે નક્કર પગલા લેવા અનુરોધ કર્યો હતો.

### બનાસકાંઠામાં વધુ નવા બે કેસ

પાલનપુર
બનાસકાંઠા જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઓછું થઈ રહ્યું છે. જ્યાં રવિવારે ૨ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૮૭૨ પહોંચી ગઈ છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું લોકલ સંક્રમણ વધી રહ્યું હતું. જોકે, છેલ્લા એક સપ્તાહથી જોર ઓછું થયું હોય એમ ઓછી સંખ્યામાં કેસ નોંધાઈ રહ્યા છે. જ્યાં રવિવારે ૨ પોઝિટિવ કેસ નોંધાયા હતા. આ અંગે આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, પાલનપુર તાલુકાના સલ્લા ગામે ૪૯ વર્ષીય વૃદ્ધા અને દાંતીવાડામાં ૪૫ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૮૭૨ પહોંચી ગઈ છે. જિલ્લામાં કુલ મૃત્યુઆંક ૪૬ થવા પામ્યો છે.

### વોટ્સ એપ ઓફ ધી વીક ● ચોથા પાનાનું ચાલુ

વિધ્વંસ, ઘૃણા અને ગુસ્સા માટે આપણી પાસે સમય નથી.
આપણે લોકોને ઘડવાના છે — આશા, પ્રસન્નતા અને ઉત્સાહ સહિત.''

નિરાશ કે હતાશ બની ગયેલી કોઈ વ્યકિતને આપણે મધુર સ્મિતલ પ્રેમાળ વાણી અને લાગણીભર સ્પર્શ માત્રથી પણ મનોબળ આપી શકીએ! આજના આ જેટયુગમાં દરેક વ્યકિત પોતાની પાસે જે કાંઈ છે તેનાથી થોડું વધુ મેળવવા માટે સતત દોડયા જ કરે છે! દરેક જગ્યાએ તેને સંઘર્ષનો સામનો પણ કરવો પડે છે પરંતુ પોતાનાથી શકય હોય તેટલું જ કામ કરવું અને પ્રયત્ન છતાં નિષ્ફળતા પ્રાપ્ત થાય તે માટે સજજ રહેવું તેને મંજૂર નથી ! સફળ હોવું એ સારી બાબત છે પણ કોઈપણ ભોગે સફળ થવું એ તેની ખોટી હઠ છે! શ્રી જગજીવન મહેતા લખે છે કેલ ''દરકે માણસ કરોડપતિ ન બની શકેલ દરેક માણસ મહારાણા પ્રતાપ કે ગાંધી ન બની શકે.

પણ દરેક માણસ જાતમહેનત કરી શકેલ પોતાનું શરીર તંદુરસ્ત રાખી બીજાને મદદરૂપ બની શકેલ દુઃખીનું દુઃખ દૂર કરવા પુરુષાર્થ કરી શકે અને અંતેલ વૃક્ષ પરથી પાકું ફળ જેમ ખરી પડે તેમલ પોતાનું આયુષ્ય પૂરું થતાં ઈશ્વરને ખોળે જવા તત્પર બની શકે.''

સુમંત દેસાઈએ લખેલી એક નાનકડી વાર્તા છે. એક માણસનું જીવવું ઝેર થઈ ગયું. આશાનું એક નાનકડું કિરણ પણ કયાંય નજરે ચડતું નહોતું એને થયું કે આ જીવનનો અંત લાવ્યે જ છૂટકો. શહેરની વચ્ચેની રેલવે પસાર થાય ત્યાં જઈને, ગાડી આવે ત્યારે પાટા પર પડતું મૂકવાનું તેણે નકકી કર્યું. પણ ઘરેથી નીકળતાં બીજો પણ એક સંકલ્પ કર્યો કેલ રસ્તામાં જે માણસો મળે તેમાંથી એકાદ પણ જો એના તરફ જોઈને જરાક સ્મિત કરેલ એ સ્મિત વડે એના અંતરમાં લગીર હૂંફ પ્રગટાવેલ તો મરવાની યોજના પડતી મૂકીને ઘરે પાછા ફરી જવું.

હવે એ વાતને ત્યાં રાખીએ, એ માણસનું પછી શું થયું, તે જવા દઈએ. પણ એક સવાલ થાય છે : એ માણસ ઘરેથી નીકળ્યો પછી રસ્તામાં કદાચ તમે જ એને સામા મળ્યા હોત તો ? — બોલો, એનું શું થાત ? ત્યાંથી ઘરે પાછા ફરવાનું કારણ તમે એને આપી શકયા હોત ? જરા વિચારી જોજો !

હેડફોન કાનમાં ભરાવીને ગીતો સાંભળતા અને પોતાની જ દુનિયામાં મસ્ત રહેનારા એક સમસ્ત વર્ગને આજથી જ કોઈ દુઃખીલ ક્ષુબ્ધ કે હતપ્રભ બનેલી વ્યકિત પ્રત્યે અનુકંપા રાખવાની શરૂઆત કરી દેવી જોઈએ! દ્રઢ મનોબળવાળી વ્યકિતઓએ સામૂહિકપણે સમાજને નિરાશા અને હતાશાની ઊંડી ખીણમાંથી ઉગારી લેવાની ઝુંબેશ આદરવાની સખત જરૂરિયાત વર્તાઈ રહી છે! તો આવો આજથી જ આ માટે કાર્યરત થવાનો શુભ સંકલ્પ કરીએ!

જે પ્રકાશ
આપણી આંખોના દીવાને હોલવી નાખે
તે આપણી માટે અંધકાર છે.
આપણે જાગૃત બનીએ
તે જ દિવસને ઊગેલો સમજવો.
દિવસનું વધારે પ્રાકટય
તો હજુ હવે થવાનું છે.
સૂર્ય તો માત્ર પ્રભાત - તારક છે.

nehalgadhavi101@gmail.com

### મેઘ મહેર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેવી માન્યતા વ્યક્ત કરી. હવે સમગ્ર સપ્તાહ વરસાદ વરસશે તેવી આગાહીઓ પણ કરવા માંડી હતી. શહેરમાં સારા વરસાદને કારણે માર્ગો પર પણ પાણીના ભરાવા જોવા મળી રહ્યા છે અને સેક્ટરોના કોમન પ્લોટ ખુલ્લા મેદાનો કે ખાલી પ્લોટ જેવા વિસ્તારોમાં મીની તળાવો સર્જાયા છે. રાતભર સતત વરસેલા વરસાદને કારણે શહેરનું સમગ્ર વાતાવરણ હિલસ્ટેશન જેવુ આલ્હાદક બની જવા પામ્યું છે અને રાંધણછઠ્ઠ હોવાથી શહેરીજનોએ આ વાતાવરણનો આનંદ વિવિધ ચટાકેદાર વાનગીઓ બનાવી તેનો આસ્વાદ માણવા સાથે ઉઠાવ્યો હતો.

### ખરીફ પાક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં ડાંગરનું વાવેતર ૧૦,૨૪૧ હેક્ટરમાં, બાજરીનું વાવેતર ૨૧૨૦ હેક્ટરમાં, જુવારનું ૫૬ હેક્ટરમાં, તુવેરનું ૧૮ હેક્ટરમાં, મગનું વાવેતર ૧૦૪૯ હેક્ટરમાં, મઠનું વાવેતર ૧૧૬ હેક્ટરમાં, અડદનું વાવેતર ૧૫૦ હેક્ટરમાં નોંધાયુ છે. મગફળીનું વાવેતર ૧૨૯૦૬ હેક્ટરમાં, તલનું ૧૬૪ હેક્ટરમાં, સોયાબીનનું ૬૪ હેક્ટરમાં, અન્ય તેલીબીયાંનું ૧૩ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ છે. જિલ્લાનો મુખ્ય પાક ગણાતા કપાસના વાવેતરમાં આ વર્ષે ૬ હજાર હેક્ટરનો વિક્રમી ઘટાડો નોંધાયો છે. કપાસનું વાવેતર ૧૭,૫૫૨ હેક્ટરમાં, ગુવારનું વાવેતર ૩૭૬૩ હેક્ટરમાં થયુ છે.

શાકભાજીના પાકોનું વાવેતર ૧૦,૭૬૭ હેક્ટરમાં અને ઘાસચારાનું વાવેતર ૩૧૦૭૪ હેક્ટરમાં થયુ છે. જિલ્લામાં ખરીફ ઋતુનું વાવેતર ૧,૪૦,૦૦૦ હેક્ટર વિસ્તારમાં થતું હોય છે. જિલ્લામાં ૨૮૯૨ હેક્ટરમાં અન્ય પાકનું વાવેતર થયુ છે. જેમાં ફળપાક, ગવાર, ઈકડ, લીલો પડવાશ જેવા પાકોનો સમાવેશ થાય છે. જિલ્લામાં ગત વર્ષે ૭ મી ઓગષ્ટ સુધીમાં ૨૭૫ મી.મી. વરસાદ થયો હતો જ્યારે આ વર્ષે ૩૩૬ મી.મી. વરસાદ નોંધાયો છે. જિલ્લામાં પાકની સ્થિતિ એકંદરે સારી હોવાનુ ખેડૂતો જણાવી રહ્યા છે જો કે માણસા-ગાંધીનગરમાં લશ્કરી ઈયળનો ઉપદ્રવ જોવા મળ્યો છે. ખેડૂતોએ આ સ્થિતિને પહોંચી વળવા નિયંત્રણના પગલાં લેવાનું પણ શરૂ કરી દીધુ હોવાનુ આ આગેવાનોએ જણાવ્યું છે.

### ભેટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અનુભવાઈ રહ્યો છે. સંતોષ એ વાતનો છે કે આ યોજનાનું જે લક્ષ્ય હતું તે હાંસલ થઈ રહ્યું છે. છેલ્લા દોઢ વર્ષમાં આ યોજનાના માધ્યમથી ૭૫,૦૦૦ કરોડ રૂપિયા સીધા ખેડૂતોના બેંક ખાતામાં જમા થઈ ગયા છે. તેમાંથી ૨૨,૦૦૦ કરોડ રૂપિયા તો કોરોનાના કારણે લોકડાઉન લાગુ કરવામાં આવ્યું તે દરમિયાન જ ખેડૂતો સુધી પહોંચી ગયા છે.

યોજનાના શુભારંભ પર વડાપ્રધાને જણાવ્યું કે, આ યોજનાથી ગામડાઓમાં ખેડૂતોના જૂથોને, કિસાન સમિતિઓને, ફૈંજને વેરહાઉસ બનાવવા, કોલ્ડ સ્ટોરેજ બનાવવા, ફુડ પ્રોસેસિંગ સાથે જોડાયેલા ઉદ્યોગો લગાવવા ૧ લાખ કરોડ રૂપિયાની મદદ મળશે. પહેલી-દ્બછસ દ્વારા એક ટેક્નોલોજી આધારીત મોટી વ્યવસ્થા બનાવવામાં આવી. હવે કાયદો બનાવીને ખેડૂતોને બજારના ક્ષેત્રમાંથી અને બજાર ટેક્સના ક્ષેત્રમાંથી મુક્ત કરી દેવામાં આવ્યા.

વડાપ્રધાને જણાવ્યું કે હવે ખેડૂતો પાસે અનેક વિકલ્પ છે. જો તેઓ પોતાના ખેતરમાંથી જ ઉપજનો સોદો કરવા માંગે તો પણ કરી શકશે. અથવા તો સીધું વેરહાઉસથી-દ્બછસ સાથે સંકળાયેલા વેપારીઓ અને સંસ્થાઓ, જે વધુ ભાવ આપે તેમની સાથે પાકનો સોદો કરી શકશે. આ કાયદાનો ઉપયોગ કરતા દુરૂપયોગ વધુ થયો છે. તેનાથી દેશના વેપારીઓ, રોકાણકારોને ડરાવવાનું કામ વધું થયું છે. હવે આ ભયના તંત્રમાંથી પણ ખેતી સાથે સંકળાયેલા વેપારને મુક્ત કરી દેવામાં આવ્યો છે.

વડાપ્રધાને જણાવ્યું કે હવે આપણે એ સ્થિતિ તરફ આગળ વધી રહ્યા છીએ જ્યાં ગામના કૃષિ ઉદ્યોગોમાંથી ફુડ આધારીત ઉત્પાદનો શહેર જશે અને શહેરોમાંથી બીજો ઔદ્યોગિક સામાન બનીને ગામમાં આવશે. આ જ તો આત્મનિર્ભર ભારત અભિયાનનો સંકલ્પ છે જેના માટે આપણે કામ કરવાનું છે. બે દિવસ પહેલા જ દેશના નાના ખેડૂતો સાથે સંકળાયેલી એક બહુ મોટી યોજનાની શરૂઆત કરવામાં આવી છે જેનો આગામી સમયમાં આખા દેશને ભારે મોટો લાભ મળશે. દેશની પ્રથમ 'કિસાન રેલ' મહારાષ્ટ્ર અને બિહાર વચ્ચે શરૂ થઈ ગઈ છે.

### આયાત પર રોક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રોડક્ટના અંદાજે ૨૬૦ યોજનાઓ માટે ત્રણ સેનાઓએ એપ્રિલ ૨૦૧૫ થી ઑગસ્ટ ૨૦૨૦ની વચ્ચે લગભગ સાડા ત્રણ લાખ કરોડ રૂપિયાના કોન્ટ્રાક્ટસ આપ્યા હતા. તેમનો અંદાજો છે કે આવતા ૬ થી ૭ વર્ષમાં સ્થાનિક ઈન્ડસ્ટ્રીઝને અંદાજે ૪ લાખ કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ મળશે.

રક્ષામંત્રીએ કહ્યું કે તમામ સ્ટેકહોલ્ડર્સ સાથે વાતચીત બાદ વધુ પ્રોડક્ટસની આયાત પર પ્રતિબંધ મૂકાશે. હાલ જે નિર્ણય લેવાયો છે કે ૨૦૨૦ થી ૨૦૨૪ની વચ્ચે લાગૂ કરાશે. ૧૦૧ પ્રોડક્ટસની યાદીમાં આર્મર્ડ ફાઈટિંગ વ્હિકલ્સ પણ સામેલ છે. મંત્રાલયે ૨૦૨૦-૨૧ માટે ફાઈનાન્સ ખરીદી બજેટને સ્થાનિક અને વિદેશ રૂટમાં વહેંચી દીધું છે. ચાલુ નાણાંકીય વર્ષમાં જ અંદાજે ૫૨૦૦૦ કરોડ રૂપિયાનું અલગ બજેટ તૈયાર કર્યું છે.

પૂર્વ લદ્દાખમાં લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ પર તણાવ યથાવત છે. કેટલાંક ફ્રિકશન પોઈન્ટથી ચીની સેના પાછળ હટી છે પરંતુ દેપસાંગ અને પેંગોંગ ત્સોમાં ટસથી મસ થવા તૈયાર નથી. બંને દેશોની વચ્ચે કોર કમાન્ડર સ્તર પર કેટલાંય દોરની વાતચીત પરિણામ વગરની રહ્યા બાદ શનિવારના રોજ મેજર-જનરલ સ્તરની વાતચીત શરૂ થઈ છે. ભારતે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે દેપસાંગથી ચીનને પોતાના સૈનિક પાછા બોલાવવા પડશે.

કેન્દ્ર સરકારની તરફથી બોર્ડર પર સેનાને 'ફ્રી-હેન્ડ' મળ્યા છે. રક્ષા મંત્રી પણ કહી ચૂકયા છે કે સેના કોઈપણ સ્થિતિ માટે તૈયાર રહે. હાલ સરહદ પર ભારત અને ચીન બંનેના હજારો સૈનિકો ભારે ભરખમ દારૂગોળા સાથે તૈનાત છે. તણાવ ઓછો કરવા માટે બંને દેશોની વચ્ચે મિલિટ્રી અને ડિપ્લોમેટિક, બંને ચેનલ્સ દ્વારા વાતચીત થઈ રહી છે.

### કોરોનાનો પ્રકોપ

● અનુસંધાન પહેલાનું ચાલુ

નોંધાયા, તો ૧ હજાર ૮૦ નવા કેસ સાથે આંધ્રપ્રદેશ બીજા નંબરે છે. કેન્દ્રીય કૃષિ રાજયમંત્રી કૈલાશ ચૌધરી અને કેન્દ્રીય મંત્રી અર્જુન મેઘવાલનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. બન્નેએ ટ્વિટ કરીને આ સમાચાર આપ્યા છે.

દેશમાં ૨૪ કલાકમાં રેકોર્ડ ૬૫ હજાર ૧૫૬ દર્દી નોંધાયા અને ૫૨ હજાર ૧૩૫ દર્દી સાજા થયા છે. ગુજરાત કેરળ ત્રિપુરા, હિમાચલપ્રદેશ, નાગાલેન્ડ, અરુણાચલ પ્રદેશ અને સિક્કિમમાં છેલ્લા ૨૪ કલાકમાં જેટલા નવા કેસ આવ્યા, એનાથી વધુ દર્દી સાજા થયા છે.

આ સતત ત્રીજો દિવસ છે જ્યારે ૬૦ હજારથી વધુ નવા કેસ નોંધાયા છે અને ૫૦ હજારથી વધુ દર્દી સાજા થયા છે. દેશમાં અત્યાર સુધી કોરોના સંક્રમણના ૨૧.૫૫ લાખ કેસ આવી ચુક્યા છે. સારી બાબત તો એ છે કે આમાથી ૧૪.૭૯ લાખથી વધુ લોકો સાજા થયા છે. ૬.૨૮ લાખ દર્દીઓની સારવાર ચાલી રહી છે, જ્યારે ૪૩ હજાર ૪૫૩ લોકો આ બિમારીથી જીવ ગુમાવી ચુક્યા છે.

મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ૧૨ હજાર ૮૨૨ સંક્રમિત નોંધાયા છે. આ એક દિવસમાં પહેલી વખત આટલા કેસ નોંધાયા છે. આ સાથે જ રાજ્યમાં કુલ કેસનો આંકડો પણ ૫ લાખને પાર કરી ગયો છે. ૧૦ હજાર ૮૦ નવા કેસ સાથે આંધ્રપ્રદેશ બીજા નંબરે રહ્યું છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, દેશમાં રિકવર થયેલા દર્દીઓની કુલ સંખ્યા ૧૪.૭૯ લાખથી વધુ થઈ ગઈ છે. રિકવરી રેટમાં સતત સુધારો જોવા મળી રહ્યો છે. રિકવરી રેટ વધીને ૬૮.૩૨% થઈ ગયો છે જ્યારે મૃત્યુદર ૨.૦૪% છે. દેશમાં અત્યાર સુધી ૨ કરોડ ૩૩ લાખ ૮૭ હજાર ૧૭૧ સેમ્પલની તપાસ થઈ ચુકી છે.

કેન્દ્રીય કૃષિ રાજયમંત્રી કૈલાશ ચૌધરી અને કેન્દ્રીય મંત્રી અર્જુન મેઘવાલનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. બન્નેએ ટ્વિટ કરીને આ સમાચાર આપ્યા છે.

ગુજરાત કેરળ ત્રિપુરા, હિમાચલપ્રદેશ, નાગાલેન્ડ, અરુણાચલ પ્રદેશ અને સિક્કિમમાં છેલ્લા ૨૪ કલાકમાં જેટલા નવા કેસ આવ્યા, એનાથી વધુ દર્દી સાજા થયા છે. આ ઉપરાંત દાદાર નગર હવેલી, ચંદીગઢ અને મિઝોરમમાં નવા કેસ અને સાજા થનારા દર્દીઓની સંખ્યા એકસરખી રહી હતી.